

**મૂળ જુનાગઢના એવા એક ગુજરાતી યુવાને અમેરિકાના હ્યુસ્ટનમાં બેસીને સરળતાથી ગુજરાતી ટાઈપ કરી શકાય એવું કી-બોર્ડ બનાવ્યું છે. આપણે તેને ઓળખીએ....**

# અષ્ટાવક્ર કી-બોર્ડના સર્જક વિશાલ મોણપરા

## ગરવા ગુજરાતી

લલિત ખંભાયતા

કમ્પ્યૂટર શબ્દ આવે એટલે આપણા મનમાં એક ટીવી જેવું બોક્સ તાદ્દશ થાય. જેને ટેક્નિકલ ભાષામાં મોનિટર કહેવામાં આવે છે, હકીકતમાં મોનિટર એ કમ્પ્યૂટરના અડધો ડઝન ભાગ પૈકીનું એક સાધન છે. એવું જ એક સાધન કી-બોર્ડ છે.(ગુજરાતીમાં આપણે તેને 'કળ-પટલ' કહી શકીએ!) આજે કમ્પ્યૂટરને માહિતી આપવા માટે સૌથી વધુ વપરાતું સાધન એટલે કળ-પટલ. કી-બોર્ડ વગર ભાગ્યે જ કમ્પ્યૂટરનો ઉપયોગ થતો જોવા મળે છે. પહેલાં તો કી-બોર્ડ માત્ર અંગ્રેજી ભાષા માટેના હતા. તો પછી બીજી ભાષાના જાણકારો(અને અંગ્રેજી ન જાણતા હોય તેવા લોકો) કઈ રીતે કમ્પ્યૂટરનો ઉપયોગ કરે? બીજી ભાષાની તો ખબર નથી પણ હવે ગુજરાતીના જાણકારો માટે આ સમસ્યા નહીં રહે. વિશાલ મોણપરા નામના એક કાઠિયાવાડી યુવાને યુનાઈટેડ સ્ટેટ ઑફ અમેરિકાના હ્યુસ્ટન શહેરમાં રહી ગુજરાતી સહિત આઠ ભાષાનાં કી-બોર્ડની શોધ કરી છે. એટલે આ બાબત પૂરતા આપણે તેમને અષ્ટાવક્ર કી-બોર્ડના શોધક કહી શકીએ! ગુજરાતી, હિન્દી, પંજાબી, કન્નડ, મલયાલમ, તમિલ, તેલુગુ અને બંગાળી ભાષાનાં કી-બોર્ડ બનાવ્યાં છે. એક કી-બોર્ડનો ફોટો આ લેખ સાથે જ મૂકવામાં આવ્યો છે. હવે વાત નાની ઉંમરે કળ-પટલના આ કરામતી શોધ કરનારા વિશાલ મોણપરાની.

હજુ બે વર્ષ પહેલાં હ્યુસ્ટન જોબ લઇ સ્થિર થયેલા વિશાલભાઈનાં માતા-પિતા જૂનાગઢના ટિંબાવાડી વિસ્તારમાં રહે છે. તેમના પિતા બચુભાઈ મોણપરા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં સહસંશોધક તરીકેની કામગીરી બજાવે છે. તેમનું મૂળ વતન ભાવનગર જિલ્લાના સણોસરા પાસે આવેલું નોંઘણવદર છે. જો કે તેમનો જન્મ અમરેલી જિલ્લાના દામનગર પાસે આવેલા ભાલવેવ ગામમાં થયો છે. હ્યુસ્ટનથી ફોન પર વાત કરતાં તેમણે રસપ્રદ વિગતો આપી છે. ગુજરાતી ભાષા પ્રત્યે તેમને પહેલેથી જ લગાવ હતો. એમાંય ગઝલ તો તેમનો પહેલો પ્રેમ. હવે તેમને ઈચ્છા થઈ ગઝલને ઈન્ફર્મેશન ટેક્નોલોજીના પ્રવાહ પર સવાર કરી વિશ્વસફર કરાવવાની. લગભગ ત્રણેક વર્ષ પહેલાં તેમણે વેબસાઇટની પ્રથમ આવૃત્તિ બનાવી કે, જેમાં દરેક ગઝલને તેઓ ટાઇપ કરીને તેને ચિત્રમાં રૂપાંતર કરીને વેબસાઇટ પર મૂકતા હતા. ગઝલને ટાઇપ કરવા માટે તે નોન-યુનિકોડ ફોન્ટ વાપરતા હતા. આ સમયે માત્ર આંગળીના વેઢે ગણાય એટલી જ ગુજરાતી વેબસાઇટ હતી . ત્યાર બાદ તે વેબસાઇટની બીજી આવૃત્તિ મૂકી પરંતુ તેમાં પણ ચિત્રરૂપે જ તેમની ગઝલોને મૂકતા હતા. પરંતુ હવે તેમનું લખવાનું એટલું વધી ગયું હતું અને ગુજરાતી શબ્દોને ટાઇપ કરવા શોધવા પડતા હોવાથી ગઝલને ટાઇપ કરવા માટે ખૂબ જ સમય આપવો પડતો હતો. આ તો સાલી મુશ્કેલી!

આ શોખને વેબસાઈટ સાથે કેમ જોડવો? એવા વિચારમાંથી શોધ થઈ તેમના આ કરામતી કી-બોર્ડની. જો પ્રાદેશિક ભાષાનું કી-બોર્ડ હોય તો બધું આપણી ભાષામાં લખી શકાય. જેમ ગુજરાતીને અંગ્રેજીમાં લખીએ છીએ તેમ જ જો ગુજરાતીમાં ટાઇપ પણ કરી શકતા હોત તો ખૂબ જ સરળ બને. એટલે કે તમે ભલે અંગ્રેજીમાં લખો પણ તેનું ગુજરાતી રૂપાંતર તરત થઈ જાય તો કેવું? આ જ અરસામાં તેમને ગુજરાતી યુનિકોડ વિશેની માહિતી પ્રાપ્ત થઈ. બસ પછી તો તેઓ મંડી પડ્યા અને આખરે એક એવો ગુજરાતી ટાઈપ કરવા માટેનો પ્રોગ્રામ બનાવવામાં સફળતા મળી કે જેમાં આપણે જે રીતે ગુજરાતી બોલીએ છીએ એ જ રીતે જો તેને અંગ્રેજીમાં લખવામાં આવે તો લખેલા અંગ્રેજી શબ્દોને તરત ગુજરાતી શબ્દોમાં ફેરવે છે. જેમ કે તે જો Katar એમ લખે તો આ પ્રોગ્રામ તરત જ લખેલા અંગ્રેજી શબ્દોને ગુજરાતીમાં 'કાતર' માં ફેરવે છે. વળી જોડિયા શબ્દો લખવા પણ એટલા જ સહેલા છે. જેમ કે 'shabda' લખવાથી 'શબ્દ' લખાય. વગેરે.. છે ને ધમાકેદાર શોધ..? આ શોધ આપણા ગુજરાતી યુવાને કરી છે.

એક વાર ગુજરાતી ટાઈપનો પ્રોગ્રામ પૂરો થયો કે તેને અન્ય ભારતીય ભાષાઓ માટે પણ એવો જ પ્રોગ્રામ બનાવવાની ઈચ્છા જાગી અને તેથી આવો જ પ્રોગ્રામ તેણે હિન્દી, બંગાળી, કન્નડ, મલયાલમ, પંજાબી, તેલુગુ અને તમિલ ભાષા માટે પણ લખ્યો છે. તેમના આ પ્રોગ્રામને તેમની વેબસાઈટ પર અન્ય વ્યક્તિઓ ઉપયોગ કરી શકે એ માટે મૂક્યો છે કે જે http://demo.vishalon.net/ Gujarati TypePed.htm પર ક્લિક કરવાથી મળી શકે છે.

આ પ્રોગ્રામ ગુજરાતી યુનિકોડનો ઉપયોગ કરતો હોવાથી ગુજરાતી વાંચવા માટે કોઇ પણ ફોન્ટ નાખવા પડતા નથી અને તેથી જ ઈન્ટરનેટ પર ગુજરાતી ભાષામાં જાણે કે એક ક્રાંતિ જ આવી ગઈ.

આ પ્રોગ્રામથી ગુજરાતી લખવાની સરળતાને કારણે ગુજરાતીમાં કેટલીયે વેબસાઈટ્સ શરૂ થઇ છે. ત્યાર બાદ રસિક મેઘાણી, કિરીટ ભક્ત, પ્રવીણા કડાકિયા, સરયૂ પરીખ અને ગિરીશ દેસાઇ તથા અન્ય કેટલાય લેખકોએ જણાવ્યું હતું કે તેમની પાસે ગુજરાતીમાં ઘણું જ લખાણ છે પરંતુ નોન-યુનિકોડ ફોન્ટમાં છે અને જો વિશાલ આ લખાણને યુનિકોડમાં ફેરવવા માટેનો પ્રોગ્રામ બનાવે તો ઘણો જ ઉપયોગી થઇ પડશે. તેમના સૂચન મુજબ વિશાલે કુલ છ પ્રચલિત નોન-યુનિકોડ ફોન્ટને (જેવા કે ગોપીકા, કૃષ્ણા, ગોવિંદા, હિતાર્થ, શેફાલી અને વકીલ) યુનિકોડ ફોન્ટમાં રૂપાંતર કરવાનો પ્રોગ્રામ બનાવ્યો તે http://www.guíjardesh.com/ tabid/171/ Default.aspx પરથી મળશે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડ(એમ.એસ.) યુનિવર્સિટી, વડોદરામાંથી કમ્પ્યૂટર સાયન્સમાં અન્ડર ગ્રેજયુએશન કર્યા બાદ વિશાલે કમ્પ્યુટર સાયન્સ સાથે બી.ઈ કર્યું છે. બાદમાં ટેક્સાસની એ એન્ડ એમ યુનિવર્સિટીમાંથી કમ્પ્યૂટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. આજે તેઓ હ્યુસ્ટનની એક કંપનીમાં કન્સલ્ટન્ટ તરીકે કામ કરી રહ્યા છે. તેઓ કાવ્ય-ગઝલ વગેરેમાં તો રસ ધરાવે જ છે, પણ સાથે સાથે તેમને ચિત્રકામમાં પણ રસ છે. વિશાલ વિશે વાત કરતાં તેમના પિતા બચુભાઈ જણાવે છે, 'વિશાલને નાનપણથી જ આવા સંશોધનો કરવાનો શોખ હતો. તે દરેક ચીજ ધ્યાનપૂર્વક જોતો અને તેમાંથી કંઈક નવું શોધી કાઢતો હતો. ભણવામાં પણ ૧૨ ધોરણ સુધી તેનો પહેલો-બીજો ક્રમ જ આવ્યો છે. બારમાં ધોરણમાં તે જુનાગઢ શહેરમાં ત્રીજો અને જિલ્લામાં પાંચમો હતો. તેને મેડિકલમાં એડમિશન મળતું હતું પણ તે કમ્પ્યૂટર સાયન્સમાં આગળ વધવા માંગતો હતો.' વિદેશ જવા અંગેની વાત કરતાં તેઓ કહે છે, ' તેને પહેલેથી વિદેશ ભણવા જવું હતું. આ માટે તે ત્યાંની યુનિવર્સિટીઓ સાથે સંપર્ક કર્યા કરતો હતો. અમારા કોઈ સગાં-વહાલાં ત્યાં નથી. વિશાલ પોતાની મેળે જ મહેનત કરીને ત્યાં પહોંચ્યો છે.'


છેલ્લાં બે વર્ષોમાં વધતી જતી ગુજરાતી વેબસાઇટ્સ અને તેના મુલાકાતીઓ તેમના પ્રતિભાવો, ગુજરાતી ઈમેલ અને પ્રિન્ટિંગનાં ક્ષેત્રોમાં આ શોધ ઘણા વિદેશીઓને આશીર્વાદ સમાન થઇ ગઇ છે. તેમના કાવ્યની એક પંક્તિ સાથે આપણે વાત પૂરી કરીએ...

*''જગત આખું ઋણી રહેશે*
*તમારું યુગો સુધી*
*ક્ષિતિજ બની ગગન સંભાળે*
*એવા નોધારા મળ્યા છે..''* ■

*(પૂરક માહિતી વિજય શાહ, હ્યુસ્ટન)*

## મનનાં મોતી

ડૉ. જિતેન્દ્ર અઢિયા



## સમસ્યાનું સમાધાન કરે તમારું મન

શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ૧૮ અધ્યાયનો ઉપદેશ આપ્યા પછી છેલ્લે એક અગત્યની સલાહ આપી કે તું બધી ચિંતા છોડી મારા શરણે આવી જા. કુરુક્ષેત્રના મેદાનમાં આટલો બધો ઉપદેશ આપ્યા પછી ભગવાને આમ વાત શા માટે કરી?

કારણ કે આપણું અર્ધજાગૃત મન એ જ આપણો અંગત ભગવાન છે, જેની પાસે દૈવી શક્તિઓ છે. તે આપણા જીવનની બધી મૂંઝવણો તથા સમસ્યા દૂર કરી શકે છે. આપણે બધાએ જીવનના કુરુક્ષેત્રમાં સતત લડતા જ રહેવાનું છે, પણ એ જીવનની લડતમાં જ્યારે આપણે મૂંઝાઇ જઇએ, નાની-મોટી સમસ્યાઓથી ભાંગી પડીએ ત્યારે આ યુગમાં કૃષ્ણને ક્યાં શોધવા જવો. આ કૃષ્ણ કે ભગવાન કે સુપરપાવર આપણી અંદર જ છે. ફક્ત આપણે તેનાથી અજાણ છીએ અને તે છે આપણું અર્ધજાગૃત મન. તે આપણા જીવનની કોઇ પણ સમસ્યામાંથી સહેલાઈથી રસ્તો કાઢી શકે છે. તમે આવો અનુભવ ક્યારેક કર્યો હશે. તમે જીવનમાં કોઇ અગત્યના કામ પાછળ સતત લાગી પડો છો, પણ એ કામમાં વિઘ્નો આવ્યા કરે છે એટલે તમે તે માટેના પ્રયત્નો છોડી બધું નસીબ કે ભગવાન ઉપર છોડો છો ત્યારે તે વગર પ્રયત્ને થઇ જાય છે. મારા જીવનમાં આવું ઘણી વાર બન્યું છે. મને જામનગર મેડિકલ કોલેજમાં ૧ ટકા માર્ક્સ ઓછા હોવાથી એડમિશન મળ્યું નહોતું, પણ મારી ડૉક્ટર બનવાની તીવ્ર ઇચ્છા હતી. મેં ગુજરાત બહાર ઘણી બધી મેડિકલ કોલેજોમાં એડમિશન માટે પ્રયત્નો કર્યા પણ મળી માત્ર નિષ્ફળતા જ. પછી મેં થાકીને પ્રયત્નો કરવાના છોડી દીધા. મારા માતૃશ્રી ખૂબ જ ધાર્મિક વૃત્તિના હોવાથી મને સમજાવતાં કે બેટા બધું ભગવાન ઉપર છોડી દે. તું શું કામ હવાતિયાં મારે છે? મેં તેમની વાત માની અને બધું છોડી B.Sc. જોઇન કરી લીધું. ત્યાર પછી એક દિવસ અચાનક જ ઓક્ટોબર મહિનામાં સેવાગ્રામ વર્ધાની મેડિકલ કોલેજમાં બહુ જ નજીવા પ્રયત્નોથી એડમિશન મળી ગયું અને ડૉક્ટર બન્યો.

તમારા જીવનમાં હાલ કોઈ પણ સમસ્યા તમને સતાવતી હોય અને તમે તેના નિવારણ માટે પૂરતા પ્રયત્નો કરી લીધા હોય છતાં પણ તમને સફળતા ન મળી હોય તો તમે ફક્ત આટલું કરો. દરરોજ રાત્રે સૂતા પહેલાં તમારે મનોમન તમારા અર્ધજાગૃત મનને કહેવાનું કે, 'મારી આ સમસ્યા માટે મેં પ્રયત્નો કરવાનું છોડી દીધું છે. હવે હું આ કામ તારા ઉપર છોડું છું. મને ખબર છે કે તું આ સમસ્યાનું નિવારણ ચોક્કસ લાવી શકે તેમ છે. હું હવે નિશ્ચિત થઇને સૂઇ જાઉં છું.'

આ રીતે રાત્રે સૂતા પહેલાં કમાન્ડ આપીને સૂઇ જવું અને બીજા ખાસ વિચારો સૂતા સૂતા ન કરવા. તમારે તે સમસ્યા માટે પ્રયત્નો કરવાનું છોડી દેવું. તમને સુખદ આશ્ચર્ય થશે કે તમારી સમસ્યા તમારું અર્ધજાગૃત મન દૂર કરી શકશે.

**મનગમતું:** અર્ધજાગૃત મન હંમેશાં કહે છે, 'મૈં હૂ ના...!' પણ શું તમે તમારી સમસ્યા એને સોંપવા તૈયાર છો? ■

## ઇંગ્લિશ મીડિયમવાળાનું ગુજરાતી

### હાસ્યથી રૂદન સુધી

નિર્મિશ ઠાકર

ઈન અવર સ્કૂલ...યુ નો, 'ગુજરાતી ભાષા બચાવો વીક' સેલિબ્રેટ કરવાની છે, એટલે મેં પન આ નિબંધ રાઈટ કરીયું છે, કાન્ટ હેલ્પ! ઈન ફેક્ટ, આ મેં લખિયું એ તો બેટર છે. ઈફ યુ આસ્ક માય ઓપિનિયન, બેમાંથી એક જ સર્વાઇવ કરશે, આઇધર 'ઊંઝા-જોડની' ઓર 'ગુજરાતી લેંગ્વેજ'. ચોઇસ ઇઝ યોર્સ! ઈન શોર્ટ, કમ્પેરેટિવલી અમારો રોલ નાનો છે, 'ગુજરાતી'ને મારવામાં. અંધેર ઇઝ એવરી વ્હેર, સો ડોન્ટ વરી...બી હેપી...એન્ડ એન્જોય માય ગુજરાતી નિબંધ!

આપણું કન્ટ્રી

વન્સ અપ ઓન અ ટાઇમ, એક 'ભરત' નામનું કિંગ હતું. વેરી બોલ્ડ એન્ડ બ્યુટિફૂલ! વેરી પાવરફૂલ, એને તો સિક્સ પેક એબ્સ પન હતું, સમ વન ટોલ્ડ મી લાઇક ધેટ! ઇન શોર્ટ, 'ભરત'ના નામ પરથી આપણા કન્ટ્રીનું નામ પડિયું 'ઇન્ડિયા' ગોટ માય પોઇન્ટ?

ફોર અવર કન્ટ્રી...યુ સી, સૌથી મોટું હેડેક છે... લાઇન ઓફ કન્ટ્રોલ! ચારે બાજુ અનસેફ. ઓન પેપર, કાશ્મીર ઇઝ અવર્સ! હિમાલય પર ચાઇનાનું ડેન્જર છે જ. ને ત્રન બાજુ સમંદર છે, એટલે ટેરરિઝમને કન્ટ્રોલ કરવું ઇમ્પોસિબલ છે. એમ આઇ રાઇટ?

લિવિંગ રાજ ઠાકરે એપાર્ટ, સ્ટીલ વી આર ટુગેધર. મારા ઘરમાં પન ઇવન, મારા ફાધર મને સમટાઇમ્સ ફટકારે, એટલે યુ.પી.વાલાને બોમ્બેમાં થોડો માર પડે, તો ઇટ ઇઝ ટોલરેબલ, ઇફ લિમિટ ઇઝ નોટ ક્રોસ્ડ! ઓવરઓલ જોવો તો...વી આર ટુગેધર! નો પ્રોબ્લેમ! એમ તો અમારા સુરતમાં બિહારી રિક્ષાવાલાઓ એટલા ઇનક્રિઝ થયા કે સિટીબસ પન ફૂટપાથ પર રન કરતું હતું, પછી આર.ટી.ઓ.માં રિક્ષાઓનું રજિસ્ટ્રેશન પન ક્લોઝ થઇ ગીયું. સો, વ્હેર ધેર ઇઝ અ વીલ, ધેર ઇઝ અ વે! એટ એની કોસ્ટ, આપણું કન્ટ્રી સુપરપાવર તો બનવાનું જ, એ તમે હાલ જ લખી લો! (લખીને મારી પેન પાછું આપજો! ડોન્ટ ટ્રાય ટુ બી ઓનર ઑફ માય પેન, માઇન્ડ વેલ!)

આપણું ગુજરાત પન આર્ટ ઓફ ધ કન્ટ્રી કહેવાય, એટલે એના માટે ફ્યુ વર્ડ્ઝ રાઇટ કરું તો, યુ વિલ નોટ ઓબ્જેક્ટ, ધેટ આઇ નો વેરી વેલ. વર્લ્ડ મેપ પર, એઝ કમ્પેર્ડ ટુ પોરબંદર, ગોધરા ઇઝ મોર ફેમસ! ત્રણ દિવસ તો આખું ગુજરાત એવું વાઇબ્રેટ થયેલું કે એના વાઇબ્રેશન્સ પન આફ્ટર-શોકની જેમ યુ સી, વી કેન ફીલ. ઇન ધેટવે ઓલ સો, આપણે... 'વાઇબ્રન્ટ ગુજરાત' કહીએ તો, નથિંગ રોંગ.

બટ વન થિંગ ઇઝ ધેર, યુ સી. ગુજરાતનો સ્પિરિટ કવિ નર્મદે બિલ્ટ અપ કરેલો... કે વન્સ ધ સ્ટેપ ઇઝ ટેકન, વુડ નોટ બી ટેકન બેક...આઇ મિન ડગલો ભર્યો કે...ના હટવું...સમથિંગ લાઇક ધેટ! વી આર પ્રાઉડ ઓફ સચ પોએટ્સ એન્ડ રાઇટર્સ.

આપણા કન્ટ્રી માટે નિબંધ રાઇટ કરતું હોય... ને ઇફ વી ફર્ગેટ રાષ્ટ્રપિતા... આઇ એમ સોરી... રાષ્ટ્રપતિ...મહાત્મા ગાંધી, તો નો વન વિલ ફર્ગીવ અસ. એમનાં બા, ઇફ આઇ એમ નોટ રોંગ, કસ્તુરબાએ પન આ કન્ટ્રી માટે બહુ મોટો બલિદાન આપિયો હતો! અનફોર્ચ્યુનેટલી, આજે પીપલ સ્કેર્ડ ટુ ગીવ બલિદાન. બટ આઇ ઓલવેઝ થિંક લાઇક સંજય ગાંધી, ઇફ યુ નો હીમ! પીપલ જો બલિદાન ના આપે તો એમને પકડી પકડીને... ધે મસ્ટ બી ફોર્સ્ડ ટુ ગીવ બલિદાન. કોઇ પન ફેલો કન્ટ્રીથી મોટો હોતું નથી. ઇફ સમ વન થિંક્સ લાઇક ધેટ, વન મસ્ટ કટ ટુ સાઇઝ. આઇ વુડ ઓલવેઝ વિશ ટુ ફાઇટ ઇલેક્શન વિથ ધ સ્લોગન 'બોચી પકડીને બલિદાન અપાવો!' બાત ખલાસ!

મારો એક દેશભક્તિનો સોંગ રાઇટ કરીને... આઇ ફિનિશ ધીસ ગુજરાતી નિબંધઃ

ઓ માય કન્ટ્રી... યુ ડોન્ટ વરી,
બી હેપી!
ઇન્ડિયા તું છે મારું કન્ટ્રી,
બી હેપી, બી હેપી!
આઇ નો એવરીવ્હેર
શેઇમલેસ સાઉન્ડ-સાઉન્ડ
વર્લ્ડ-પીસ જતું રહ્યું
સમવ્હેર અન્ડરગ્રાઉન્ડ!
કન્ફ્યુઝ માય માઇન્ડ.
રાઉન્ડ રાઉન્ડ રાઉન્ડ !
ઇન્ડિયા તું છે મારું કન્ટ્રી,
બી હેપી, બી હેપી!

સો... આણે બધાં ત્રન વાર સાથે શાઉટ કરવાનો છે... મધર ઇન્ડિયાની જે, મધર ઇન્ડિયાની જે, મધર ઇન્ડિયાની જે! ઓલ ધ બેસ્ટ, થેન્ક યુ! ■




## ચોક્કસ ઉપડે છે અવકાશયાત્રા

### વ્યંગ

જગદીશ ત્રિવેદી




જ્યારથી પંડ્યાકાકાની સુની એટલે સુનિતા વિલિયમ્સ પંડ્યા અવકાશમાં હવાફેર કરી આવી છે ત્યારથી મારા ઘરની હવા બગડી ગઇ છે. મારા ઘરમાં અવકાશની વાતથી ઊભી થયેલી સંકડાશનો એક દાખલો આપું છું.

થોડાં દિવસ પહેલા શ્રીમતીએ કાર ચલાવવાની માગણી કરી. જે સાંભળી મને બે-ચાર સેકન્ડ માટે અંધારાં આવી ગયાં. અંધારામાં મને ફૂટપાથ ઉપર કાર ચડાવી દેતો સલમાન દેખાયો. પત્નીની મોટર શીખવાની માગણી અને મારી રાહદારી પ્રત્યેની લાગણી વચ્ચે ઢીસૂમ ઢીસૂમ શરૂ થયું. મેં કહ્યું કે તને સાઇકલ બરાબર આવડતી નથી અને તારે કાર ચલાવવી છે? જીભ ચલાવતાં-ચલાવતાં તને જીપ ચલાવવાની કુબુદ્ધિ કેમ સૂઝી? તને ઘર ચલાવતાં પાકું આવડી જાય પછી કાર ચલાવતાં શીખજે. ત્યાં તો માયાવતી જેવું મોઢું કરીને બરાડી કે તમે બેતાલીસ વરસના ઢગા થઇને ભગા જેવી વાતો બંધ કરો. ગામની ગટર સુધરી ગઇ પણ તમે સુધરતા નથી. સુનિતા અવકાશમાં યાન ચલાવી શકે તો હું જમીન ઉપર વાન ચલાવી ન શકું? એ સબળા છે તો હું ક્યાં અબળા છું?

જ્યારથી સુનિતા સમોસા લઇને સ્પેસમાં અણગો (ઘરનું ભોજન લઇને ઘરથી દૂર જઇને જમવું તે) કરી આવી છે ત્યારથી વાતે-વાતે મારા માથામાં સુનિતા મારે છે. પત્ની અવારનવાર સાહસની વાત કરે છે અને મારે એને રોકવાનું દુસાહસ કરવું પડે છે. મેં એને સમજાવી કે જેટલો તફાવત માર્ગારેટ થેચર અને વાઘજી બેચરમાં છે તેટલો મોટો તફાવત સુનિતા અને વનિતામાં છે. તેટલો જ તફાવત અમેરિકા અને ઇન્ડિયામાં છે.

આપણે ત્યાં અવકાશયાન ઉડાડવાનું થાય એટલે સૌપ્રથમ વિપક્ષોનું વિરોધયાન ઉડે, વળી વિજ્ઞાનને અનુલક્ષીને વિરોધનાં અજ્ઞાનનો નાશ કરીએ ત્યાં યાનને ઉડાડવાનાં મુહૂર્ત માટે ટંટોફસાદ શરૂ થાય. આપણે બસ અને ટ્રેન ઉડાડવામાં સફળ થયા છીએ તેટલા અવકાશયાન ઉડાડવામાં સફળ થયા નથી. તમામ વિરોધનો નિરોધ કરીને સારા ચોઘડિયામાં યાન ઉડાડવા મથીએ છતાં ન ઉડે તો યાનને એક બાજુ નમાવીને પછી કીક મારવી પડે કારણ આપણે ત્યાં સ્કૂટરને એ રીતે ચાલુ કરવાની રાષ્ટ્રપ્રથા છે. ભારતનું અવકાશયાન ચોક્કસ ઉપડે છે એવા સમાચાર મળે એટલે અર્જુનસિંહ તરત જ કહેશે કે એમાં જેટલા અવકાશયાત્રીની ભરતી કરો એમાં સતાવીશ ટકા ઓબીસી ઉમેદવાર લેવા જોઈએ, તથા ઓબીસીમાંથી પસંદ કરો તે પહેલા ત્રેવીસ ટકા જગ્યા અનુસૂચિત જાતિ તથા જનજાતિમાંથી ભરાવી જોઈએ.

આટલું થાય ત્યાં સુધીમાં મહિલા મોરચો સરઘસાકારે પ્રગટ થઈ જશે, અને હુકમના સુરમાં વિનંતી કરશે કે એકવીસમી સદીમાં અવકાશ અને બકવાસ બંનેમાં સ્ત્રી પુરુષ સમોવડી થઈ ચૂકી છે માટે અવકાશયાત્રામાં મહિલા અનામતનો લાભ મળવો જ જોઈએ. થોડી જગ્યાઓ વિકલાંગો માટે અનામત હશે. અવકાશયાનમાં જ લખ્યું હશે કે આ ત્રણ બેઠકો વિકલાંગ માટે ખાલી કરવી. જો શારીરિક વિકલાંગ ન મળે તો માનસિક વિકલાંગથી ભરવી. બાકીની જગ્યામાં કુદરતી તથા માનવસર્જિત આફતોનો ભોગ બનેલા પરિવારના સભ્યો હશે, આમ આફત અને અનામત બંનેનો જનતાને પૂરેપૂરો લાભ મળી ગયા પછી યાનમાં જગ્યા વધે તો એકાદ સાવ

અનુસંધાન પાના નં. ૬